## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ચૂંટણી સુધી ટકે એવા આવાસો બાંધી નાખો!*
*સિમેંટ વિના ખાયકી સાથે સંબંધ સાંધી નાખો!*
*રાંધી નાખો કાચું-પાકું કરી નાખો રાંધણ છઠ્ઠ !*
*ને મતદારોને લાલચને પાંજરે ગોંધી રાખો !*

હાઈકુ

*સાંધી જોડાણો -*
*સૂઈ જાવ શાંતિથી -*
*શીતળા ઓટે...*

*થોડું આપીને,*
*કાઢી લ્યો કકળાટ -*
*કરો કુંડાળું...*

### ચિંતન

*મનો નામ મહાવ્યાઘ્રો વિષયારણ્યભૂમિષુ ।*
*ચરત્યત્ર ન ગરછન્તુ સાધવો છે મુમુક્ષવઃ ॥*

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મન નામનો મહાન વાઘ વિષયોના જંગલમાં ઘૂમતો રહે છે, માટે ત્યાં મોક્ષ કામી સાધકોએ ન જવું.

ઈચ્છાઓ - અપેક્ષાઓ - મનોવૃત્તિ એ વાઘ જેવી છે વાઘને ભૂખ ન હોય તો પણ શિકાર તો કરે જ છે. વાસનાની ભૂખ વાળો જીવાત્મા રૂપી વાઘ પણ આવી જ મનોવૃત્તિ ધરાવે છે. મનને પાંજરે રાખવું - મનને સયંમ રૂપી પાંજરામાં પૂરી રાખવાથી આ વાસનાના વનમાં ભટકવા જતું નથી.

સાધક - મોક્ષ આકાંક્ષીએ મન-ઈચ્છાઓ વાસનાવૃત્તિ પર સંપૂર્ણ કાબૂ રાખવો.

### સુવિચાર

- માણસ જીવતો હોય તેના કરતાં જીવંત હોય એ જ સૌથી અગત્યનું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીની ગાગર પર બેઠો સમયનો કાગડો, દિવસ-રાતના કંકર નાખી, ઉંમરને પી રહ્યો... ને માણસ સમજે છે.. હું જીવી રહ્યો - **વિશાલ ભટ્ટ**
- મૈં ઈત્ર સે મહકું, યે આરજુ નહીં, કોશિશ હૈ મેરે કિરદાર સે ખુશ્બુ આયે - **ઈકબાલ પટેલ**
- શિક્ષકે મેઘ નહિં, માળી બવાનું છે - **વિનોબા ભાવે**
- માણસ પોતાના માટે વેઠે તે 'તાપ' અને બીજા માટે સહન કરે તે 'તપ' - **સંતોષ દેવકર**
- લંકાના રાવણ કરતાં વધુ ભયંકર છે શંકાનો રાવણ, જે સમજણનું જ હરણ કરી જાય છે - **અનામ**
- આજનું ઔષધ : જામફળમાં ભરપૂર મેગ્નેશિયમ હોય છે જે તણાવના હોર્મોન્સને કંટ્રોલ કરે છે આથી જામફળ ખાવાથી માનસિક થાક લાગતો નથી **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મન જયારે નિર્મળ હોય અને સાધનાઓનો ઉદ્દેશ પવિત્ર હોય તો માનવી મહામાનવ બની જાય છે. રાજા કૌશિક જંગલમાં શિકાર કરવા ગયો. પાછા ફરતાં રાજા કૌશિક થોડીવાર માટે વશિષ્ટ ઋષિના આશ્રમમાં રોકાયો. ઋષિ વશિષ્ટે રાજાનું ભવ્ય સ્વાગત કર્યું. આશ્રમના ત્યાગી તપસ્વી પાસે આટલા બધા સાધનો કયાંથી આવ્યા તેવું કૌશિખ રાજાના મનમાં કૌતુક થયું. રાજાએ ઋષિવરને આનું રહસ્ય પૂછ્યું ત્યારે ઋષિવરે કહ્યું, 'મારી પાસે ઈન્દ્ર રાજાએ આપેલી એક નંદિની ગાય છે. જે અમારી ઈચ્છા પૂરી કરી શકે છે.' રાજાએ કહ્યું, 'અમારે મહેલમાં આવી ગાય હોય તો વધારે કામ આવે.' તમે જોઈએ તે લઈલો પણ એ નંદિની ગાય અમને આપો. વશિષ્ઠે ગાય આપવા ઈન્કાર કર્યો તો રાજાએ સૈન્ય બળથી નિંદિની ગાય છીનવી લેવાની કોશિશ કરી. તો નંદિની એ પણ પોતાનું સૈન્ય પ્રગટ કર્યું અને રાજાને હરાવ્યો. પરાજયથી અપમાનિત થઈ રાજા રાજપાટ ત્યાગીને તપશ્ચર્યા કરવા લાગ્યો. ઘોર તપ પછી ભગવાન શંકર પાસેથી તેણે અગ્નિ અસ્ત્ર મેળવ્યું. અને પછી વશિષ્ઠ ઋષિના આશ્રમ પર ફરી હુમલો કર્યો. આ વખતે પણ ઋષિના બ્રહ્મદંડે તેને હરાવ્યો. ત્યારે રાજાને ભગવાન શિવના અસ્ત્રને પણ નકામા કરનારા વશિષ્ઠની શ્રેષ્ઠતાનો અહેસાસ થયો. તેણે ફરી તપશ્ચર્યા કરી. આ વખતે તેણે તપસ્યા કરીને પોતાની વાસના અને ક્રોધ પર વિજય મેળવી સાત્ત્વિક ગુણો પ્રાપ્ત કર્યા. રાજામાં આવેલા સકારાત્મક પરિવર્તનને જોઈ વશિષ્ઠે પોતે તેને બ્રહ્મર્ષિની ઉપાધિથી વિભૂષિત કર્યો. જે આગળ જતા વિશ્વામિત્ર કહેવાયા.

# શ્રાવણી પર્વશૃંખલાનો પર્યાવરણ સંદેશ

તંત્રીસ્થાનેથી...

તહેવારોની મોસમ ચાલી રહી છે. આમ જુઓ તો ઋતુ ચક્ર મુજબ આખેઆખું ચોમાસું તહેવારોની ઋતુ છે. અષાઢી બીજથી શરૂ થઈ દિવાળી સુધીના ચારે ચાર માસ કોઈ ને કોઈ ઉત્સવ-પર્વના નામે રળિયાત છે. એમાંય શ્રાવણ તો અતિ પવિત્ર ભક્તિનો મહિનો. એમાં શ્રાવણી પૂર્ણિમા કહેવાતાં રક્ષાબંધન - બળેવનું પર્વ આવે અને એ પછીના થોડાક જ દિવસોમાં તહેવારોની રમઝટ ચાલુ થઈ જાય. બોળચોથ, નાગપાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ અને ગોકુલાષ્ટમી - જન્મષ્ટમી જેવા લાઈનબંધ તહેવારોને અંતે નોમનાં પારણાં. શ્રાવણ માસનું આ પર્વગુચ્છ કેવું રળિયામણું છે ! એમાં વાછરડાંથી લઈ નાગ અને શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલ પર્યાવરણનો સુભગ સંદેશ છુપાયેલ છે. કૃષિપ્રધાન દેશના પ્રતિનિધિ દેવ છે કૃષઅણ. એ કોઈ ઊંચા કુળના રાજવી નથી. યદુવંશીઓને તત્કાલીન ક્ષત્રિયો નીચી કોટિના ગણતા હતા. એટલે સ્તો શ્રીકૃષ્ણને રાજસૂય યજ્ઞના મુખ્ય અતિથિ તરીકે સ્વીકારવા શિશુપાલ જેવા રાજવંશીઓ તૈયાર નહોતા. દુર્યોધન પણ એમને ગોવાળિયા કહી ઉતારી પાડે છે. પરંતુ એ જ કૃષ્ણ ઈંદ્ર જેવા દેવોના રાજાની આણ સ્વીકારવા તૈયાર નથી. ગ્રામવાસીઓને એ ઈંદ્ર કરતાં સ્થાનિક ગોવર્ધન પર્વતનો મહિમા કરવા, એની પૂજા કરવા અને જરૂર પડ્યે એનું શરણું લેવા સહમત કરે છે. સર્વોચ્ચ સત્તા સામેનો આ સીમાચિહ્ન રૂપ વિદ્રોહ હતો. યમુનાનાં જળને પ્રદૂષિત કરનાર કાળીનાગના ત્રાસ સામે ઝીંક ઝીલીને એનો ભગાડી મૂકવાનું પરાક્રમ બાળવયના કૃષ્ણ કરે છે. અહીં સીધો સંદેશ છે : ઝેરી જળ પીને મરણ શરણ થતાં વાછરડાંને બચાવવા કાળીનાગ જેવા ઝેરી સર્પરાજને નાથવો જરૂરી હતો. પરંતુ એને અન્યત્ર ખસેડી દેવાનો જ વિકલ્પ કૃષ્ણને યોગ્ય લાગ્યો, એને મારી નાખવાનો નહીં. આ છે પર્યાવરણ સંદેશ. શીતળા સાતમ એ શીતળાં કહેતાં સ્મોલ પોક્સ કે બળિયા જેવા વાઈરલ રોગ સામેના રક્ષણ માટેનો સંદેશ આપતું પર્વ છે. જે વખતે વાઈરસ જેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુની કલ્પના સુધ્ધાં કરવી અઘરી હતી તે જમાનામાં શીતળા માતાની સંકલ્પના અને રાંધણ છઠનો ઠંડો આહાર વિહાર પણ કેવાં સાર્થક લાગે છે ! વાઈરસની દવા તો આજ પર્યંત શોધી શકાઈ નથી. પરંતુ એની સામે ઝીંક ઝીલી શકાય એ રીતે દરદીને કોઈનો ઓછાયો સુધ્ધાં ન લાગે એમ અલગ - આઈસોલેટ કરીને રાખવાની પ્રથામાં પણ કેવું વિજ્ઞાન સમાયેલું છે ! ચોમાસાની મધ્યમાં આવતું આ પર્વજૂથ આમ પર્યાવરણ સંદેશની આલબેલ પોકારે છે. જન્માષ્ટમીના ઉપવાસનાં નોમના દિવસે પારણાં થાય છે. આ બધા સાથે ધર્મનું આવરણ એવું જડબેસલાક જોડી દેવાયું છે કે એ પરેવો હજારો વરસથી વરસોવરસ ઊજવાય છે. વિવિધ સ્થળોએ લોકમેળા ભરાય છે, જે જન સમુદાયની ઉત્સવપ્રિયતા, મનોરંજન અને પરિચય પર્વ બલકે કયારેક પરિણયપર્વનું નિમિત્ત બની રહે છે. આવા પર્વજૂથ પ્રસંગે ગાંધીનગર સમાચારના વાચકોને અંતઃકરણની શુભકામાઓ. વરસાદની ભીની ભીની મોસમ વચ્ચે માનવી ઘરમાં ગોંધાઈ ન રહે એ માટે કરાયેલ આ પર્વયોજનાનું આટલાં વર્ષો પછી પણ આપણે ગૌરવ લઈ શકીએ.

## સેફ ફિલ કરને કે લિયે, પહલે સારે ડર મિટાના જરૂરી હૈ



ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

*સેફ ફિલ કરને કે લિયે, પહલે સારે ડર મિટાના જરૂરી હૈ*

*- ડિયર ઝિંદગી*

વર્ષ ૨૦૧૬માં ગૌરી શિંદે દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 'ડિયર જિંદગી' એ ઘણાં દર્શકોના હૃદય અને મન જીતી લીધાં હતા. આલિયા ભટ્ટ દર્શકોના હૃદય અને મન જીતી લીધા હતા. આલિયા ભટ્ટ અને શાહરૂખખાન અભિનિત આ ફિલ્મમાં આલિયા ભટ્ટના અભિનયના ખૂબ વખામ થયા હતા. શાહરૂખ ખાન અને મનોચિકિત્સકના રોલમાં છે, જે આલિયાને જિંદગી જીવવાના પાઠ શીખવે છે. આપણે મોટેભાગે ભયના વિચાર માત્રથી અથવા તો સંભવિત ભયના ઓથાર હેઠળ જ જીવતા હોઈએ છીએ, અને આગળ વધવા માટે ડરને, ભયને ઓળંગી જવો અતિ આવશ્યક છે. શાહરૂખ ખાન આ જ પ્રકારની સમજ આપતો આ સંવાદ બોલે છે. ગૌરી શિન્દે જ આ ફિલ્મમાં સંવાદ લેખક છે.

'ઈંગ્લીશ વિંગલીશ' જેવી શ્રીદેવીની સફળ ફિલ્મ આ નિર્દેશિકા આપી ચૂકી છે.

'પંચતંત્ર'માં આવી જ સમજ આપતી પંક્તિઓ દૃષ્ટિગોચર થાય છે.

*તાવત્ ભયસ્ય ભેતવ્યં, યાવત્ ભયં ન આગતમ્ ।*
*આગતં હિ ભયં વીક્ષ્ય, પ્રહર્તવ્ય, અશંક્યા ॥*

**- પંચતંત્ર**

ભયથી ત્યાં સુધી જ ડરવું જોઈએ, જયાં સુધી તે (ભય) પાસે ન આવ્યો હોય, અને ભયને જોઈને (પાસે આવે ત્યાં શંકા કર્યા વગર તેના પર પ્રહાર કરવો જોઈએ.

'પંચતંત્ર' નૈતિક મૂલ્યો શીખવવાની મહાશાળા છે. અને આ ગ્રંથ રમત-ગમતમાં જ્ઞાનનાં અને જીવન જીવવાનાં અતિમૂલ્યવાન પાઠ શીખવી જાય છે.

અંધારાથી ડર લાગતો હોય તો, રાત્રે તે વ્યક્તિએ ડરનો સામનો કરીને અંધારામાં જ ચાલીને રસ્તો પસાર કરવો, ડર (ભય) ડરાવતો હોય તો તેને જ બાથ ભરી લેવાની.

**You Have Ti Overcome Your Fear.**

'હિતોપદેશ' અને 'પંચતંત્ર'ને તો આપણે સહુએ ઘરે ઘરે વસાવીને, બાળકોને તેની રસભરી અને જ્ઞાનસભર વાર્તાઓ વડે નૈતિકતાનાં મૂલ્ય શીખવવા જોઈએ. 'જયતુ સંસ્કૃતમ્ જયતુ ભારતમ્'.

- jayuoza@gmail.com, Mo. 9898046488

## વાત માતૃભાષા કાર્યશાળાની



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃતસંચય

● સ્વભાવનું ગૌરવ વધારવા માટે, વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતની સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા દર માસે કાર્યશાળા યોજવામાં આવે છે. આ માતૃભાષા સાધકોની નવમી કાર્યશાળા તા. ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ, ચિલ્ડ્રન્સ, યુનિ.ના સભાખંડમાં, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે મળી, જેમાં સૌ પ્રથમ સરસ્વતી વંદના બાદ, ગુજરાતી ભાષાના નિષ્ણાત હર્ષદ પ્ર. શાહ દ્વારા, અનુસ્વારના નિયમો સમજાવ્યા. ત્યારબાદ જાણીતા મૂર્ધન્ય વયસ્ક સાહિત્યકાર દોલત ભટ્ટ કે જેમણે ૧૩૦ જેટલાં પુસ્તકો લખ્યાં / સંપાદિત કે સંશોધિત કર્યા છે અને સને ૧૯૬૮ થી ગુજરાતના દૈનિક 'ગુજરાત સમાચાર' માં 'ધરતીના ધબકાર' કોલમ લખે છે. તેમણે કવિ નર્મદ જયંતિને અનુલક્ષીને વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે, નર્મદ સતત સાહિત્યસર્જન કર્યું હતું. નિબંધો લેખે ઉપરાંત અન્ય સાહિત્યના ખેડાણ ઉપરાંત 'દાંડિયો' દૈનિક પણ ચલાવ્યું હતું. આજીવન સાહિત્ય માટે જ ખર્ચ કરતા રહેવાથી, આર્થિક વિટંબણાઓનો સામનો પણ કરવો પડ્યો હતો. સમાજસુધારકની ભૂમિકાને સ્વીકારીને તેઓએ એક વિધવા સ્ત્રી સાથે લગ્ન કર્યા હતા. તેમજ એમણે ગુજરાતી સાહિત્યને પ્રથમ આત્મકથા 'મારી હરકત' ભેટ ધરી હતી.

પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી પ્રવિણભાઈ વઘાસિયાએ દોલત ભટ્ટને પ્રતિષ્ઠાન તરફથી સ્મૃતિભેટ આપી સન્માન કર્યું હતું. જયારે હર્ષદભાઈ શાહ લિખિત પુસ્તક 'વિચારયાત્રા' આપ્યું હતું. ટ્રસ્ટી ડૉ. જય ઓઝાએ આભારદર્શન કર્યું હતું અને વંદે માતરમ્ ગાન સાથે કાર્યશાળા પૂર્ણ થઈ હતી.

**- muljibhaidadhi@gmail.com**

# હેમુ ગઢવી : કૃષ્ણની બંસરીનો મધુર સૂર



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

અનેક મહાનુભાવોની જન્મજયંતિ સમાજ ઉજવતો હોય છે. આવી ઉજવણીના માધ્યમથી સમાજ જે તે વ્યક્તિ તરફનો પોતાનો આદરભાવ વ્યક્ત કરે છે. પરંતુ જન્મજાત લોક કલાકાર હેમુ ગઢવીની ૫૦મી પુણ્યતિથિ પણ સમાજ અને સરકારે સાથે મળીને ૨૦૧૫-ઓગસ્ટમાં દબદબાભેર ઉજવી તે ભાગ્યેજ બને એવી ઘટના છે. જે વ્યક્તિનું કુલ આઅયુષ્યજ ૩૬ વર્ષનું હોય તેની ૫૦મી પુણ્યતિથિનો ઉત્સવ પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં ઉજવાય તે એક ગૌરવપ્રદ ઘટના છે. હેમુભાઈના યોગદાનના ગૌરવ સાથે સમગ્ર લોકસાહિત્યની ચિરંજીવીતાનું આ ભાતીગળ દર્શન છે. સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકણિયા ગામે જન્મ લઈને આકાશવાણીના બળુકા માધ્યમથી સમગ્ર આલમમાં વિસ્તરી જતો હેમુભાઈનો સ્વર 'ન ભૂતો ન ભવિષ્યતી' જેવી વિરલ ઘટના છે. રાજકોટ લોકમેળાની ભાતીગળ ઉજવણીની વચ્ચે જન્માષ્ટમીના દિવસે (ઓગસ્ટ-૧૯૬૫) કૃષ્ણની બંસરીનો આ છૂટો પડેલો સૂર ફરી તેમાં વિલિન થઈ ગયો. અનેક ચાહકોના દિલ ઉપર વજાઘાત થયો. કવિ ઉમાશંકરે લખ્યું છે તેમ કાળદેવતાએ જાણે અંગૂઠે વાઢ મૂક્યો હતો !

કાળને તે કહીએ શું ?
જરીકે નવ ચૂકીયો,
પાંચ આગળીઓમાંથી
અંગુઠે વાઢ મૂકીઓ.

જીવનમાં પાંચ દાયકા પણ પૂરા ન કરી શક્યા તેવા ઝવેરચંદ મેઘાણી નામના મહાન શાયર – સંશોધકે અનેક વિષયોનું ખેડાણ કરીને તેનું નવનીત સમાજને વહેંચ્યું છે. હેમુભાઈના વશીકરણ કરે તેવા મધુર કંઠથી આ સાહિત્ય જન જન સુધી પહોંચી શક્યું છે. મેઘાણીભાઈના વ્યક્તિત્વમાં એક વશીકરણ હતું. બાંધી દડીનું શરીર, સ્વપ્રદર્શી આંખો તથા કાઠિયાવાડી ઢબનો સાફો (પાઘડી) તેમના વ્યક્તિત્વને ઓર નીખાર આપતા હતા. આ નખશિખ લોકસાહિત્યકાર શાંતિનિકેતનમાં ગયા તો ત્યાં પણ તેમને સાંભળવા સંસ્થા નિવાસીઓ ટોળે વળતા હતા. પહાડના આ બાળકનું વ્યક્તિત્વ તથા કૃતિત્વ પહાડી હતા. સૌરાષ્ટ્ર – ફૂલછાબ તથા જન્મભૂમિમાં તેમની કલમ મહોરી ઉઠી હતી. પોતે પોતાના ઈમાન પર મુસ્તાક રહ્યા અને શબદના સોદાગરોને તે રાહે ચાલવા ઈશારો કર્યો.

હૈયા કેરી ધારણે તારે
ઉર ઊઠે જે સૂર જી
એજ સૂરોને ઈમાની ભાઈ
!

ગાયા કર ચકચૂક...
જી... જી... શબદના વેપાર.

આપણાં સાહિત્યને લોક સુધી પહોંચાડવાના કામમાં આકાશવાણી (છેંઈ) એ ખૂબ મહત્વનું અને સુદીર્ઘ યોગદાન આપેલું છે. Public Broudcuster ની જવાબદારી સ્વીકારી અને તેનું હેતુપૂર્ણ રીતે વહન કરવું તે પડકારયુક્ત કાર્ય છે. સાહિત્યના – સંગીતના પ્રસારણ માટે આકાશવાણીમાં થયેલા અનેક પ્રયાસો એ એક અલગ તથા ઉજળા ઈતિહાસનો વિષય છે. કોઈપણ સાહિત્યીક કૃતિનું રેડિયો નાટકના સ્વરૂપે પ્રસારણ સાંભળીએ ત્યારે તેમાં મહત્વનું યોગદાન આપનાર ચં. ચી. મહેતા સૌની નજર સામે તરે છે. રેડિયોમાં રજૂ થતી સંગીતમય નાટીકાઓ સાંભળીએ ત્યારે હેમુભાઈની સ્મૃતિ થાય છે. આપણાં વિશાળ દેશમાં દરેક પ્રદેશની વિશેષ સંસ્કૃતિને અનુરૂપ ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય હોય છે. તુકારામની છાપ જે મરાઠી ભાષાના પદને લાગી હોય કે નરસિંહની ભાત જે ગુર્જરી ગીતોમાં ઊભરી હોય તે આપણી મોંઘેરી વિરાસત છે. આજ રીતે લોક થકી સ્વીકૃત થયેલા લોકગીતો આપણી શોભા છે. રેડિયો તથા લોક કલાકારોના માધ્યમથી તે લોક સુધી પહોંચી શકી છે. નાનજી મિસ્ત્રી જેવા કસબીઓની કમાલ જાહેર કાર્યક્રમો ઉપરાંત આકાશવાણીના માધ્યમથી જનસમૂહ સુધી અસરકારક રીતે પહોંચી છે. આજ રીતે ઢેબરભાઈ તથા રતુભાઈ જેવા સાહિત્યપ્રેમીઓની દીર્ઘદ્રષ્ટિને કારણે રાજકોટને રેડિયો સ્ટેશન મળ્યું. રાજકોટ રેડિયો સ્ટેશન તરફથી સાહિત્યના અનેક સ્વરૂપોની સાથે લોકસાહિત્યનું જે પ્રસારણ થયું છે તેણે મેઘાણીભાઈના બળકટ લોકસાહિત્યને પાંખો પૂરી પાડી છે. રજૂઆતની શૈલિનું પણ એક આગવું મહત્વ હોય છે તે વાત સર્વ સ્વીકૃત છે. મેઘાણીભાઈ રચીત તથા સંશોધિત સાહિત્યની સરવાણીને હેમુ ગઢવી – ઈસ્માઈલ વાલેરા તથા વેલજી ગજ્જર જેવા સમર્થ વાહકોનો કંઠ મળ્યો તે સોનામાં સુગંધ મળ્યા જેવું કાર્ય થયું. મેઘાણીભાઈના ગીતો જાણે હેમુભાઈના કંઠમાં સોળે કળાએ મહોરી ઊઠ્યાં હતા.

આભમાં ઊગેલ ચાંદલો
ને

જીજાબાઈને આવ્યા
બાળ

બાળુડાને માત હિંચોળે
ઘણઘણ ડુંગરા ડોલે.
શિવાજીને નિંદરું નાવે
માતા જીજાબાઈ ઝૂલાવે.

મેઘાણીભાઈએ જીવનના સંધ્યાકાળે સંતોની અમૃત વાણીનું જે સંશોધન કર્યું હતું તે સદાકાળ યાદગાર ભજનોએ લોક સમૂહને ઘેલો કર્યો. નારાયણ સ્વામી, યશવંત ત્રિવેદી કે પ્રાણલાલ વ્યાસ જેવા મેઘ કંઠીલા કલાધરોએ પણ આ રચનાઓની પ્રસ્તુતિ કરી તેમને ચાર ચાંદ લગાડી દીધાં. હેમુભાઈ સહીતના આ તમામ કલાધરોની શિવ ઉપાસનાના આ પવિત્ર મહીનામાં સ્મૃતિ વંદના કરીએ તો આત્મસંતોષ થાય તેવું છે.

હેમુ ગઢવી માત્ર છત્રીસ વર્ષની વયે અકાળેજ ડાયરામાંથી ઊભા થઈને વસમું પ્રયાણ કરી ગયા. હેમુભાઈના કંઠની લોકપ્રિયતાની પ્રતિતિ એ વાત પરથી થાય છે કે માત્ર છત્રીસ વર્ષની વયમાં જગતમાંથી એક્ઝિટ કરી જનાર આ મહાન કલાધરને આજે પણ લોકો સ્નેહપૂર્વક સંભારે છે. હેમુભાઈ રહ્યા નહિ તેની ખોટ સમાજને સાલતી રહી છે. મેઘાણીભાઈ લોક સાહિત્યને ગદ્ય – પદ્ય સ્વરૂપે પ્રગટ કરવામાં નૂતન શૈલિનું નિર્માણ કરી ગયા. હેમુ ગઢવીએ પણ પ્રસ્તુતિની એક નવતર શૈલિ વિકસાવી જેને લોકએ આકંઠ માણી અને દિલોજાનથી વધાવી. આજે પણ તેની એટલીજ લોક સ્વીકૃતિ છે.

મેઘાણીભાઈ અને હેમુ ગઢવીનું સ્મરણ ઓગસ્ટ માસમાં વિશેષ થાય તે સ્વાભાવિક છે. મેઘાણીભાઈની જન્મજયંતિ તથા હેમુભાઈની પુણ્યતિથિ આ મહીનામાં આવે તે વાત સાહિત્યરસીકોના ધ્યાન બહાર જતી નથી. બન્ને કલાધરોની સ્મૃતિમાં આજે પણ નિયમિત રીતે કાર્યક્રમો થાય છે. જગતના લોકો કોઈને માનમોભો – નાણાં કે સત્તા આપે છે. ઘણાં લોકો આવા માનમોભાથી લાભાન્વીત થાય છે. પરંતુ જગતના લોકો સ્નેહ તો કોઈ કોઈ વીરલાઓનેજ આપે છે. એક વિશાળ લોક સમૂહનો સ્નેહ હેમુ ગઢવીને મળી શક્યો છે. હેમુ ગઢવીની સ્મૃતિ કદી પણ લોક હૃદયમાંથી વિસ્મૃત થાય તેવી નથી.

# 'સત્યના પ્રયોગો'માં આધ્યાત્મિક એટલે નૈતિકતા અને ધર્મ એટલે નીતિ



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

**એક ને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે એવી ગાંધીજીની કૈફિયત**

મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારું શક્ય છે તે બધાને સારું શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી રહ્યા, એમ સ્પષ્ટ કરતા મહાત્મા ગાંધી તેમની આત્મકથાની પ્રસ્તાવનામાં લખે છે. મારા પ્રયોગમાં તો આધ્યાત્મિકતા એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. એટલે જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન અને બુઢ્ઢાં કરે છે અને કરી શકે છે. તે જ વસ્તુઓનો કથામાં સમાવેશ થશે. આવી કથા હું તટસ્થભાવે, નિરભિમાનપણે લખી શકું તો તેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને સારું કંઈક મળે. આમ, મહાત્મા ગાંધી 'સત્યના પ્રયોગો' આત્મકથા થકી પોતાના માટે નહીં બીજાઓને કંઈક મળે એ માટે તત્પર રહે છે એમ સમજાય છે.

ગાંધીજી લખે છે આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાયેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગને વિશે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવનો તપાસ્યો છે, તેનું પૃથ્થકરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારું છેવટના જ છે, એ ખરાં છે અથવા તો એ જ છે ખરાં છે, એવો દાવો કોઈ દિવસ કરવા ઈચ્છતો નથી, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે ઓછે. જો ન લાગે તો મારે એના ઉપર કોઈ પણ કાર્ય ન રચવું જોઈએ. પણ હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું અને જયાં લાગી એ પ્રમાણે ઘડાયેલા આચાર મને, એટલે મારી બુદ્ધિને અને આત્માને, સંતોષ આપે ત્યાં લગી મારે તેના શુભ પરિણામો વિશે અચલિત વિશ્વાસ રાખવો જોઈએ.

આત્મકથામાં ગાંધી લખે છે, 'જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું જ ન લખું. પણ મારે તો તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઈતિહાસ આપવાનો છે, અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે. આમાં સત્યથી ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય ઈત્યાદિ નિયમોના પ્રયોગો પણ આવી જશે. પણ માને મન સત્ય જ સર્વોપરી છે અને તેનાં અગણિત વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે.'

● ● ●

આત્મકથાની પ્રસ્તાવનામાં તેઓ સ્પષ્ટ કરે છે કે 'સત્યના પ્રયોગો મેં કર્યા છે તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવન વૃત્તાંત બની જાય એ ખરું છે. પરંતુ જો તેમાં પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું નિર્દોશ ગણું.'

મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની પાસે હોય તો તે લાભદાયી થઈ પડે એમ હું માનું છું. અથવા કહોકે એવો મને મોહ છે. રાજયપ્રકરણી ક્ષેત્રમાંથી મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહીં પણ થોડેઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. મારા આધ્યાત્મિક પ્રયોગો, જે હું જ જાણી શકું અને જેમાંથી મારી રાજયપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પર ઉદ્ભવી છે, તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું. જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં તો ફૂલણશીને સ્થાન જ નથી. એમાંથી તો કેવળ નમ્રતાની જ વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજયપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે.

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)